ભાજપ મહિલા અધિવેશનને પગલે શહેર કેસરીયા રંગે રંગાયું

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અડાલજ ખાતે મહિલા કાર્યકરોને સંબોધન કરશે

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર નજીક આવેલા અડાલજ ત્રિ મંદિર પાસે ભારતીય જનતા પાર્ટીનું રાષ્ટ્રીય મહિલા અધિવેશન કાર્યક્રમ શનિવારના રોજ યોજાશે. આ કાર્યક્રમમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી પાંચ હજારથી વધુ ભાજપા કાર્યકર બહેનોને સંબોધન કરશે. આ કાર્યક્રમમાં ભાજપના રાષ્ટ્રીય રક્ષામંત્રી નિર્મલા સીતારામન અને કાપડ મંત્રી સ્મૃતિ ઈરાની તેમજ પ્રદેશકક્ષાએથી અગ્રણી મહિલા આગેવાનો હાજર રહેશે.

ત્યારે શનિવારના રોજ આયોજીત રાષ્ટ્રીય મહિલા અધિવેશનને લઈ ગાંધીનગર શહેર ભાજપ કાર્યકરો પણ કામે લાગી ગયા છે. જિલ્લા તેમજ શહેરના કાર્યકરોને વિવિધ જવાબદારી પણ સોંપી દેવામાં આવી છે. જયારે શહેરના માર્ગો પર ઠેરઠેર બીજેપીના ધ્વજ ફરકાવીને શહેરમાં કેસરીયો માહોલ ઉભો કરી દેવાયો છે. જયારે અધિવેશનને પગલે તમામ તૈયારીઓ પુરજોશમાં ચાલી રહી છે અને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. જેથી વહીવટી સ્ટાફ અને કાર્યકરો રાત દિવસ ખડેપગે ઉભા કરી કામગીરી કરી રહ્યા છે. આ સંમેલનને પગલે મહિલા કાર્યકરોમાં પણ અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. જયારે લોકસભાની ચુંટણી ની તૈયારીઓના ભાગરુપે ભાજપના મહિલા મોરચામાં નવો પ્રાણ ફુંકાશે અને લોકસભાનો નવો રોડ મેપ તૈયાર કરવામાં આવશે.

ગાંધીનગર જિલ્લા શહેર બજરંગ દળ અને વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા ગુજરાત ગૌ ક્રાંતિ સાયકલ યાત્રાનું આજે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગાંધીનગર જિલ્લા બજરંગ દળ સંયોજક શકિતસિંહ ઝાલા, પ્રચાર પ્રસાર પ્રમુખ રણજીત સિંહ ચાવડા, ગાંધીનગર શહેર વિશ્વ હિન્દુ પરિષદના અધ્યક્ષ ભુપેન્દ્ર રાવ, સેકટર-૩ બજરંગ દળ પ્રમુખ મનીશ બારોટ, તેમજ શહેર મંત્રી મહેન્દ્રભાઈ પ્રજાપતિ સહિત વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળના કાર્યકરો મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા.

સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈન્નોવેશન યુનિવર્સિટીના સ્કૂલ ઓફ ડિઝાઈન ડિપાર્ટમેન્ટ દ્વારા બે દિવસીય નેશનલ લેવલના સિમ્પોઝીયમનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજીની સહાય હેઠળ આયોજિત આ સિમ્પોઝીયમનો આશય આર્કિટેક્ચર એન્ડ ડિઝાઈનના વિદ્યાર્થીઓને તેમની શાખાઓમાં રિસર્ચ બાબતે માર્ગદર્શન આપવું જેમાં દિગ્ગજ વક્તાઓ જેવા કે પ્રો. હેમેન સંઘવી, પ્રો. હિતેશ ચાંગેલા, પ્રો. સોનલ બેરી, પ્રો. ભાવના વીમાવાલા, પ્રો. રિદ્ધિ શાહ, પ્રો. માનસી બાલ, પ્રો. ભાગ્યજીત રાવલ, પ્રો. કંદર્પ ભટ્ટ, પ્રો. જયદીપ ભગત, પ્રો. સાગર દેસાઈએ હાજરી આપીને વિદ્યાર્થીઓને માર્ગદર્શન પુરૂ પાડ્યુ હતુ. આ કાર્યક્રમનું આયોજન કેમ્પસ ઉપર આગામી સપ્તાહમાં થનાર ૭ દિવસીય કાર્યક્રમ 'અધિગમ'ના ભાગરૂપે કરવામાં આવ્યું હતું. જે ૨૧ થી ૨૮ ડિસેમ્બર, ૧૮ સુધી ચાલશે.

ઉગમણા સત્તાવીસ ગોળ પરગણા સમાજનો સ્નેહમિલન સમારોહ યોજાશે

ગાંધીનગર, તા.૨૦

ઉગમણા સત્તાવીસ ગોળ પરગણા રોહિત સમાજ ઉત્કર્ષ ટ્રસ્ટ નવિન વર્ષનું સ્નેહમિલન સમારોહ આગામી તા. ૨૨ ડિસેમ્બરને શનિવારના રોજ બપોરે ૧.૩૦ કલાકે સેકટર-૧૨ સ્થિત ડો.બાબા સાહેબ આંબેડકર હોલ ખાતે આયોજન કરવામાં આવ્યું છે. આ સમારોહમાં તેજસ્વી તારલાઓ, અધિકારી-કર્મચારીઓનું સન્માન તેમજ ધોરણ-૮ માં અભ્યાસ કરતા હાજર રહેનાર તમામ વિદ્યાર્થીઓને બે પુસ્તક આપવામાં આવશે.

આ સમારંભના પ્રમુખ તરીકે ગામ કોલવડાના આગેવાન જીવાભાઈ ફુસાભાઈ ડી.પરમાર, ઉદ્ઘાટક તરીકે રૂપાલ ગામના વિનોદચંદ્ર કરશનભાઈ પરમાર તેમજ મુખ્ય મહેમાન તરીકે પી.ટી.અમીન એડવોકેટ (સરગાસણ), ભરતભાઈ રેવાભાઈ પરમાર, ભરતકુમાર જી.પટેલ(આઈઆરએસ), કૃણાલ રાઠોડ(આઈઆરએસ), મોતીલાલ એમ ચૌહાણ, પીનાકીન મેહરીયા, ચીનુભાઈ કે પરમાર, આર.કે.રાઠોડ, નિવૃત કલેકટર, તેમજ રાજેશભાઈ ગોહિલ સહિત સમાજના તમામ સભ્યો અને ભાઈ-બહેનોને બાળકો સહિત હાજર રહેવા સંસ્થાના પ્રમુખ પી.જે.રાઠોડે અનુરોધ કર્યો છે.

ચાર વર્ષથી નાસતો ફરતો રીક્ષા ગેંગનો સાગરિત પકડાયો

મહિલા રસ્તો પુછવાના બહાને વિશ્વાસમાં લઈ રિક્ષામાં બેસાડીને સોનાની બુટ્ટી સેરવી લીધી હતી

ગાંધીનગર, તા. ૨૦

મહેસાણા જિલ્લાના કડી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ચોરીના ગુનામાં છેલ્લા ચાર વર્ષથી નાસતો ફરતો કલોલ નો આરોપી આખરે ગાંધીનગર એલસીબીના સકંજામાં આવી ગયો છે. મહિલા મુસાફરને રિક્ષામાં બેસાડીને મહિલાની નજર ચૂકવી રીક્ષા ગેંગે મહિલાની સોનાની બુટ્ટી સેરવી લીધી હતી. ચાર વર્ષ પહેલા આ મામલે કડી પોલીસ મથકમાં ગુનો દાખલ થયો હતો અને આ ગેંગ પણ પકડાઈ ગઈ હતી પરંતુ આ ગેંગનો એક સાગરીત ચાર વર્ષથી વોન્ટેડ હતો. કલોલ ખાતે રહેતા આ સાગરીતને ગાંધીનગર એલસીબીની ટીમે બાતમીના આધારે તેના ઘરેથી ઉઠાવી લીધો છે. રીક્ષા ગેંગના સાગરીતની ધરપકડ કરીને એલસીબીની ટીમે પકડાયેલા આરોપીને કડી પોલીસને સોંપવા કવાયત શરૂ કરી છે.

ગાંધીનગર એલસીબી પીઆઈ તરલ ભટ્ટની સુચનાથી તેમની ટીમના પીએસઆઈ એચ. કે. સોલંકી સ્ટાફ સાથે કલોલ વિસ્તારમાં નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા પેટ્રોલિંગમાં હતા. તે દરમિયાન પોલીસ કોન્સ્ટેબલ જિગ્નેશકુમારને મહેસાણા જિલ્લાના કડી પોલીસ સ્ટેશનમાં ચોરીના ગુનામાં નાસતા ફરતા અને મૂળ કલોલના રહેવાસી મહેશ ઉર્ફે કાલુ હરીભાઈ સલાટ વિશે બાતમી મળી હતી. આરોપી કલોલમાં રેલવે સ્ટેશન સામે ત્રિકમનગર સલાટવાસ ખાતેના પોતાના ઘરે હોવાની બાતમી મળતા જ એસલીબીએ તેના ઘરે દરોડો પાડી તેને ઝડપી લીધો હતો. આરોપીએ ચાર વર્ષ પહેલાં તેના સાગરીતો સાથે મળી પીરબોડીથી કડી હાઈવે ત્રણ રસ્તા રોડ પર એક મહિલાને રસ્તો પુછવાના બહાને વિશ્વાસમાં લઈને રીક્ષામાં બેસાડી તેમની નજર ચુકવી મહિલા પાસેની થેલીમાં મુકેલી એક જોડી સોનાની બુટ્ટી ચોરી લીધી હતી. આ ગુનામાં તેનો સાગરીત પકડાઈ જતા તેનું નામ ખુલ્યું હતું, જોકે તે છેલ્લા ચાર વર્ષથી નાસતો ફરતો હતો. એલસીબીએ તેને ઝડપી લઈને કાયદેસરની કાર્યવાહી હાથધરી કડી પોલીસ ને સોંપવા કાર્યવાહી આરંભી છે.

કરાર આધારિત કર્મચારીઓનું લઘુત્તમ વેતનધારા કરતા ઓછુ વેતન ચુકવી કરાતુ શોષણ

ગાંધીનગર, તા. ૨૦

ગુજરાત સરકાર દ્વારા સરકારના વિવિધ વિભાગો તથા બોર્ડ-નિગમોમાં ૧૧ માસના કરાર આધારિત કર્મચારીઓની નિમણૂંક કરવામાં આવે છે. આઉટ સોર્સિંગ એજન્સી દ્વારા નિયુક્ત કરાતા આ કર્મચારીઓને એજન્સી દ્વારા રાજ્ય સરકારના નિયમો તથા લઘુત્તમ વેતનધારા કરતા ઓછો પગાર ચુકવી તેમનું શોષણ કરવામાં આવે છે. કરાર આધારિત કર્મચારીઓને માત્ર ૮ થી ૧૦ હજારનું વેતન ચુકવવામાં આવે છે જ્યારે તેમને મળવાપાત્ર વેતનમાંથી 'વચેટીયા' મલાઈ તારવી જાય છે તેવી ફરિયાદ ઉઠવા પામી છે.

રાજ્ય સરકારના નિયમો તથા લઘુત્તમ વેતનધારા મુજબ કર્મચારીને ૧૮ હજારથી ઓછો પગાર અથવા પેન્શનર્સને ૯ હજારથી ઓછુ પેન્શન મળવું ના જોઈએ. આ મુજબ એજન્સીઓને પ્રતિ કર્મચારી ૧૮ હજાર ઉપરાંત તેમનું ૧૫ ટકા કમિશન મળીને રૂ. ૨૦૭૦૦ ચુકવવામાં આવે છે પરંતુ તેમાંથી એજન્સી દ્વારા કર્મચારીઓને માત્ર ૮ થી ૧૦ હજાર જેટલુ જ વેતન ચુકવાય છે. આ ઉપરાંત કરાર આધારિત કર્મચારીઓને કાયદેસર રીતે ટ્રાન્સપોર્ટ એલાઉન્સ પણ મળવું જોઈએ જે ચુકવાતુ નથી. એક તરફ વડાપ્રધાન 'વચેટીયા' હટાવવાની ગુહાર લગાવી રહ્યા છે ત્યારે બીજી તરફ રાજ્યમાં રાજકીય હોદ્દેદારો અને કોન્ટ્રાક્ટ-એજન્સીઓની મીલી ભગત આ કર્મચારીઓનું શોષણ કરવામાં આવી રહ્યું છે.

હાઈકોર્ટના ચુકાદા મુજબ કર્મચારીઓને મોંઘવારી ભાવાંક મુજબ ખાસ ભથ્થુ અને મોંઘવારી ભથ્થુ ચુકવવું જોઈએ પરંતુ તે પણ ચુકવવામાં આવતુ નથી. આ સંજોગોમાં રાજ્યના શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા એજન્સી કોન્ટ્રાક્ટરને ચુકવાતી રકમ અને કર્મચારીની પાસબુકમાં જમા થતી રકમની ત્રિમાસિક ધોરણે ચકાસણી કરી કરાર આધારિત કર્મચારીઓને ન્યાય તથા તેમનો હક્ક મળી રહે તે માટે કાર્યવાહી કરવી જોઈએ તેવી માંગ ઉઠવા પામી રહી છે.

વીસીઈના કર્મચારીઓને કાયમી કરવા રાજ્યપાલને રજુઆત કરાઈ

ગુજરાત રાજ્યની ગ્રામ પંચાયતોમાં ગ્રામ કોમ્પ્યુટર સાહસિકની જગ્યાઓ ઉભી કરવા તેમજ તે જગ્યા પર ફરજ બજાવતા વીસીઈને જોઈનીંગ તારીખથી સળંગ ગણી નોકરીમાં ચાલુ રાખવા અને કાયમી ધોરણે નિમણુંક આપવા તેમજ કાયમી કર્મચારીઓને મળે છે તેવા તમામ લાભો આપવા અંગે ગુજરાત રાજ્ય ગ્રામ પંચાયત કોમ્પ્યુટર સાહસિક મંડળ દ્વારા રાજ્યના રાજ્યપાલને લેખિત રજુઆત કરવામાં આવી છે.

રાજ્ય સરકારની ઈ-ગ્રામ વિશ્વ ગ્રામ યોજના હેઠળ હજજારો કોમ્પ્યુટર ઓપરેટરો છેલ્લા દશેક વર્ષથી સરકારી કર્મચારીની જેમ કોઈ પણ જાતના વેતન વિના ફરજ બજાવે છે. વીસીઈ કર્મચારી માત્ર કમીશન બેઝ પર સેવા આપી રહ્યા છે. રાજ્યના ૧૩૭૦૦ ગામડામાં ઈ-ગ્રામ યોજના તમામ પંચાયત ખાતે નાગરીકોને જન્મના દાખલા, જીઈબી બીલ સ્વીકારવા, રેવન્યું રેકર્ડ ઉપલબ્ધ કરાવવા, ઈલેકશનને લગતી સેવાઓ પણ કરવામાં આવે છે. દશ વર્ષથી સામાન્ય વેતનમાં કર્ચમારીઓ કામ કરી રહ્યા છે. મોંઘવારીમાં પરિવારનું જીવન નિર્વાહ કરવાનું અઘરુ બની ગયું છે. ત્યારે પગારમાં વધારો કરવો અને કાયમી જગ્યા ઉભી કરીને જે વીસીઈ કર્મચારીઓ નોકરી કરે છે તેમને તે સ્થળે નોકરી પર લેવા ગુજરાત રાજ્ય સાહસિક કર્મચારી મંડળના પ્રમુખ શકરાજી ગાભાજી ઠાકોરે રાજ્યના રાજ્યપાલને આવેદન પત્ર પાઠવી યોગ્ય કરવા રજુઆત કરી છે.

કેનેડા ખાતે ટોરેન્ટોમાં થિયેટરમાં ગુજરાતના ગાંધીનગરનો એક માત્ર યુવરાજસિંહ વિનોદસિંહ રાઠોડ પ્રવેશ મેળવી ફિલ્મ હિરો બનવા જઈ રહ્યો છે. ગાંધીનગર અને ગુજરાતનું ગૌરવ વધાર્યુ છે. આજે ક્રિસમસ વેકેશનમાં આવતાં તેની બેન ઉમાંગી અને માતા ભાવના રાઠોડ, મિત્રોએ સ્વાગત કર્યુ હતુ.

હિંમતનગરથી અમદાવાદ વચ્ચે માર્ચ સુધીમાં ટ્રેન વ્યવહાર શરૂ થશે

હિંમતનગર, તા. ૨૦

છેલ્લા બે વર્ષથી અમદાવાદથી ઉદેપુર રેલવેલાઈનનું ગેજરૂપાંતરનું કામ ચાલી રહ્યું છે. ત્યારે મોટાભાગનું કામ પુર્ણ થઈ ગયું છે. જે અંગે જાત માહિતી મેળવવા માટે ગુરૂવારે વેસ્ટેન રેલવેના જનરલ મેનેજર તથા તેમની ટીમે હિંમતનગરની મુલાકાત લીધી હતી. અને મુલાકાત દરમ્યાન જણાવ્યું હતું કે આગામી માર્ચ સુધીમાં અમદાવાદથી હિંમતનગર સુધી ટ્રેન વ્યવહાર શરૂ થઈ જશે.

આ અંગે આધારભુત સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ અમદાવાદથી ઉદેપુર વચ્ચે ચાલતી મીટરગેજ રેલવેલાઈનનું બ્રોડગેજમાં રૂપાંતર કરવાની કામગીરી ચાલી રહી હોવાથી આ રોડ પરનો ટ્રેન વ્યવહાર સદંતર બંધ કરી દેવાયો છે. ત્યારબાદ નરોડાથી લઈ રખિયાલ, દહેગામ, તલોદ, પ્રાંતિજ, સોનાસણ અને હિંમતનગર સુધીનું પુર્ણતાના આરે આવી ગયું છે. ત્યારે તે અંગે જાત માહિતી મેળવવા માટે ગુરૂવારે વેસ્ટન રેલવેના જનરલ મેનેજર એ.કે. ગુપ્તા સહીત ઉચ્ચ અધિકારીઓએ અમદાવાદના અસારવાથી રખિયાલ સુધી રેવલવેના અમનસલુનમાં મુસાફરી કરીને ગેજરૂપાંતરની કામગીરી નિહાળી હતી.

ત્યારબાદ રેલવેના અધિકારીઓનો આ કાફલો રોડ માર્ગે રખિયાલથી નીકળી તલોદ, પ્રાંતિજ, સોનાસણ રેલવે સ્ટેશનની મુલાકાત લીધા બાદ તેઓ હિંમતનગર રેલવે સ્ટેશને આવી પહોંચ્યા હતા. જ્યાં નવા રેલવે સ્ટેશનના કામને નિહાળ્યુ હતુ. અને એમ જણાવ્યું હતું કે આગામી માર્ચ સુધીમાં અમદાવાદથી હિંમતનગર વચ્ચે ટ્રેન વ્યવહાર શરૂ થઈ જશે. જોકે નવી શરૂ થનારી ટ્રેનો વિજળી સંચાલિત કે ડિઝલ સંચાલિત હશે તે અંગે હાલ કશુ કહી શકાય તેમ નથી.

અમૂલના મેનેજિંગ ડિરેક્ટર આર. એસ. સોઢીને ભારતના રાષ્ટ્રપતિએ 'લાઈફ ટાઈમ અચિવમેન્ટ એવોર્ડ' એનાયત કર્યો

ભારતના માનનીય રાષ્ટ્રપતિ શ્રી રામ નાથ કોવિંદ અને શ્રીમતી હરસિમરત કૌર બાદલ માનનીય કેબીનેટ મંત્રીશ્રી, ફુડ પ્રોસેસીંગ ઈન્ડસ્ટ્રીઝ, ભારત સરકાર ધ્વારા નવી દિલ્હીના વિજ્ઞાન ભવન ખાતે જીસીએમએમએફ (અમૂલ) ના મેનેજિંગ ડિરેક્ટર શ્રી આર.એસ. સોઢીનું ઓલ ઈન્ડિયા ફૂડ પ્રોસેસર્સ એસોસિયેશન (એઆઈએફ પીએ) વતી 'લાઈફ ટાઈમ અચિવમેન્ટ એવોર્ડ'થી આજરોજ સન્માન કર્યું હતું.

દેશના એગ્રો-ફૂડ ક્ષેત્રના વૈજ્ઞાનિક પદ્ધતિથી સંચાલન માટે ટેકનિકલ અને સંચાલકીય માર્ગદર્શિકા ઉપલબ્ધ બનાવવાના હેતુથી વર્ષ ૧૯૪૩માં ધ ઓલ ઈન્ડિયા ફૂડ પ્રોસેસર્સ એસોસિયેશન (એઆઈ એફપીએ) ની સ્થાપના કરવામાં આવી હતી. આઈએફપીએનો મુખ્ય હેતુ મૂલ્યવર્ધનની મદદથી તાજા કૃષિ ઉત્પાદનોનો બગાડ થતો અટકાવવાનો છે જેથી ગ્રાહકોને તે સમગ્ર વર્ષ દરમિયાન કિફાયતી કિંમતે ઉપલબ્ધ બની રહે.

શ્રી આર.એસ. સોઢીએ અમૂલ બ્રાન્ડની માલિકી ધરાવતા ગુજરાતના ૩૬ લાખ દૂધ ઉત્પાદક સભ્યો વતી આ પ્રતિષ્ઠિત એવોર્ડ સ્વીકાર્યો હતો. એવોર્ડ સ્વીકાર્યા બાદ તેમણે ખેડૂતોના સંગઠનના પ્રયાસોને બિરદાવવા બદલ ઓલ ઈન્ડિયા ફૂડ પ્રોસેસર્સ એસોસિયેશનનો આભાર વ્યક્ત કર્યો હતો. શ્રી સોઢીએ જણાવેલ કે અમે આ સિમાચિહન હાંસલ કરી શકયા છીએ તેનું કારણ અમારા સ્થાપક ચેરમેન સ્વ. વી.કુરિયન ધ્વારા નિતીમત્તા અને પ્રમાણિકતાનો નાંખવામાં આવેલો પાયો અને સ્વ.ત્રિભુવનદાસ પટેલ ધ્વારા પુરૂ પાડવામાં આવેલ વિઝનરી નેટવર્ક છે.

ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન લિમિટેડ, ભારતની સૌથી મોટી એફએમસીજી કંપની હોવાનું ગર્વ ધરાવે છે જે લોકપ્રિય અમુલ બ્રાન્ડના દૂધ અને દૂધની બનાવટોનું વેચાણ કરતી ભારતની સૌથી મોટી ખાદ્ય ઉત્પાદક સંસ્થા છે. વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન અમૂલ બ્રાન્ડનું અન્ડુપ્લીકેટેડ ટર્નઓવર રૂા.૪૧,૦૦૦ કરોડ હતું.

અમુલ શ્રેષ્ઠ સહકારી મોડેલ અને સહકારી માળખામાં ખેડૂતોના વિશ્વાસનો પર્યાય હોવાની સાથે સાથે જ પ્રોસેસિંગ ક્ષમતા તથા માર્કેટિંગ વ્યૂહરચનામાં પણ બેજોડ છે.

૭૨ ટકા મતદાન... ● પહેલા પાનાનું ચાલુ

કુળદેવીના દર્શન કર્યા હતા અને બાદમાં આસલપુરની પ્રાથમિક શાળામાં મતદાન કર્યું હતું. તો, ભાજપના કેબિનેટ મિનિસ્ટર એવા ઉમેદવાર કુંવરજી બાવળિયાએ પોતાની માતાના આશીર્વાદ લઈને વીંછીયા ખાતે અજમેરા પ્રાથમિક શાળાના મતદાન કેન્દ્ર ખાતે મતદાન કર્યું હતું. જસદણના હાઈવોલ્ટેજ ડ્રામા સમાન ચૂંટણીને લઈ પોલીસ અને સુરક્ષા એજન્સીઓની લોખંડી સુરક્ષા જસદણ અને તેની આસપાસના સમગ્ર વિસ્તારમાં તૈનાત કરાઈ હતી. ભાજપ અને કોંગ્રેસ માટે પ્રતિષ્ઠાના જંગ સમાન અને ઈજ્જતનો સવાલ બનેલી જસદણની ચૂંટણી એકંદરે શાંતિપૂર્ણ રીતે સંપન્ન થઈ હતી. આ સાથે જ ભાજપના કુંવરજી બાવળિયા અને કોંગ્રેસના અવસર નાકિયાના ભાવિ ઈવીએમમાં સીલ થયા હતા. હવે તા. ૨ ઉમી ડિસેમ્બરે આ ચૂંટણીનું પરિણામ જાહેર કરવામાં આવશે. જસદણ વિધાનસભાની પેટા ચૂંટણીને લઈ આજે વહેલી સવારથી કડકડતી ઠંડી વચ્ચે આઠના ટકોરે મતદાનનો પ્રારંભ થયો હતો. જસદણના ૨૬૨ જેટલા મતદાન મથકો પર મતદારો લોકશાહીનો તેમના મતાધિકારનો ઉપયોગ કરવા લાઈનમાં લાગ્યા હતા. લોખંડી સુરક્ષા વ્યવસ્થા અને પોલીસ જાપ્તા હેઠળ મતદાનની પ્રક્રિયા હાથ ધરાઈ હતી. ભાજપના ઉમેદવાર કુંવરજી બાવળિયાએ અમરાપુરમાં પોતાના નિવાસસ્થાને ભગવાનની પૂજા કરી હતી. બાદમાં તેમની દીકરી ભાવનાબેને તિલક કરી પિતાને કહ્યું હતું કે, આ વિજય તિલક છે સારી લીડથી જીત નોંધાવો. બાવળિયાએ ૧૦૫ વર્ષની પોતાની માતા મણિબેનના આશીર્વાદ લીધા હતા અને મતદાન કર્યું હતું. તો, કોંગ્રેસના ઉમેદવાર અવસર નાકીયાએ છકડો રિક્ષા ચલાવી પોતાના ગામ આસલપુરમાં કુળદેવીના દર્શન કર્યા હતા. બાદમાં પરિવાર સાથે આસલપુરની પ્રાથમિક શાળામાં મતદાન કરી જીતનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. દરમ્યાન વીંછિયાના દડલી ગામે બોગસ મતદાન થયાનું જાણવા મળ્યું છે. ગોંડલના પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજા દડવા અને તેની આજુબાજુના ગામમાં મતદારોને ધમકાવીને ભાજપ તરફી મતદાન કરાવતા હોવાની કોંગ્રેસ જિલ્લા પોલીસ વડાને કરી છે. તો, ભાજપે પણ કંઈક આવા જ પ્રકારના આક્ષેપો કરતી ફરિયાદ કોંગ્રેસ વિરૂધ્ધ કરી હતી. આમ, આજની ચૂંટણીના મતદાન વચ્ચે ભાજપ અને કોંગ્રેસના આક્ષેપ-પ્રતિઆક્ષેપ અને ફરિયાદોને લઈ સ્થાનિક રાજકારણ જોરદાર રીતે ગરમાયું હતું. જસદણનો આજનો જંગ ગુરૂ કુંવરજી બાવળિયા અને તેમના ચેલા એવા અવસર નાકીયા વચ્ચે ખેલાયો હતો.

અટકાયત... ● પહેલા પાનાનું ચાલુ

તેમના ધારાસભ્યોની અટકાયત સામે સવાલ ખડા કર્યા છે અને પોલીસ તથા ચૂંટણી પંચ પાસે જવાબ માંગ્યો છે.

કોંગ્રેસે એવો પણ આક્ષેપ કર્યો છે કે તેમના ધારાસભ્યોને કાર્યકરોને મળવા પણ નથી દેવાતા જ્યારે કે પૂર્વ કેન્દ્રીય પ્રધાન મોહન કુંડારીયા જસદણ ભાજપ કાર્યાલય ખાતે અને પૂર્વ પ્રધાન કિરીટસિંહ રાણા ભાડલા ખાતે ઉપસ્થિત હતા. કોંગ્રેસે તેના પુરાવા રૂપે વીડિયો પણ આપ્યો છે.

રેલીને લીલીઝંડી... ● પહેલા પાનાનું ચાલુ

યોજવાથી રાજકીય પક્ષને રોકવાના પ્રયાસ કરવામાં આવ્યા હતા જ્યારે બંધારણ આ પ્રકારની રેલી અને કાર્યક્રમ કરવાના અધિકાર આપે છે. કોર્ટમાં તર્કદાર દલીલો કરવામાં આવી હતી. સીલબંધ રિપોર્ટ પણ સોંપવામાં આવ્યા હતા. ભાજપની વિગતમાં યાત્રાને પ્રકાશિત કરવાની વિગત પણ દર્શાવવામાં આવી હતી. અત્રે નોંધનીય છે કે, અગાઉ મમતા બેનર્જી સરકારે રેલી યોજવાનો ઈન્કાર કર્યો હતો. ગણતંત્ર બચાવો યાત્રાની ત્રણ તારીખો પહેલાથી જ નક્કી કરવામાં આવી હતી. જે પૈકી ૨૨મી ડિસેમ્બરના દિવસે કુચબિહારથી, ૨૪મી ડિસેમ્બરના દિવસે દક્ષિણ ચોવીસ પરગના જિલ્લાના કાકદ્વિપથી અને ૨૬મી ડિસેમ્બર વીરભૂમિ જિલ્લાના તારાપીઠથી રેલી યોજવાની હતી. મમતા બેનર્જી સરકારે શનિવારના દિવસે ભાજપની રથયાત્રાને મંજુરી આપવાનો ઈન્કાર કરીદીધો હતો અને કહ્યું હતું કે, આનાથી સાંપ્રદાયિક તંગદિલી ફેલાઈ જશે.

મહાગઠબંધન... ● પહેલા પાનાનું ચાલુ

બંધારણીય સંસ્થાઓ ઉપર ખતરો તોળાઈ રહ્યો છે. આ લડાઈ સંસ્થાઓને બચાવી લેવા માટેની છે. આરજેડી નેતાએ મોદીની સાથે બિહારના મુખ્યમંત્રી નીતિશકુમાર ઉપર પણ પ્રહાર કર્યા હતા. મહાગઠબંધન સાથે છેડો ફાડીને પ્રદેશમાં સરકાર બનાવવા ભાજપ સાથે જોડાયેલા નીતિશ ઉપર પ્રહાર કરતા તેજસ્વીએ કહ્યું હતું કે, નીતિશકુમારે જનાદેશનું અપમાન કર્યું છે. જનાદેશ પર બળાત્કાર ગુજારવામાં આવ્યો છે. બિહારમાં ડબલ એન્જિનની સરકાર કહેવામાં આવે છે પરંતુ આનું એક એન્જિન અપરાધમાં છે જ્યારે બીજા એન્જિનમાં ભ્રષ્ટાચારની સ્થિતિ છે. મોદી ઉપર પ્રહાર કરતા તેજસ્વીએ કહ્યું હતું કે, ચૂંટણી સમયે તેઓ બિહારમાં કહી રહ્યા હતા કે, ૬૦૦૦૦ કરોડ કે ૮૦૦૦૦ કરોડ આપે. તેજસ્વીએ કહ્યું હતું કે, બિહારને સવા લાખ કરોડ રૂપિયાની જાહેરાત કરી હતી. બિહારની જનતા હવે જવાબ ઈચ્છે છે.

તીવ્ર ઠંડી... ● પહેલા પાનાનું ચાલુ

રહ્યા છે. બીજી બાજુ જમ્મુ કાશ્મીર અને હિમાચલપ્રદેશમાં મોટા ભાગના વિસ્તારોમાં માઈનસમાં તાપમાન છે. લેહમાં માઈનસ ૧૫ ડિગ્રી તાપમાન રહ્યા છે. જ્યારે કારગીલમાં માઈનસ ૧૫ ડિગ્રી તાપમાન રહ્યુ છે. પહેલગામ અને ગુલમર્ગમાં પણ માઈનસમાં તાપમાન છે. દિલ્હીમાં ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય વિમાની મથકે સવારે ધુમ્મસની સ્થિતિ રહી હતી. ઉત્તર ભારતના વિવિધ ભાગોમાં ધુમ્મસના કારણે વાહન વ્યવહારને પણ માઠી અસર થઈ છે.સમગ્ર ઉત્તર ભારતમાં છેલ્લા એક સપ્તાહથી પણ વધુના સમયથી ધુમ્મસની ચાદર છવાયેલી જોવા મળી છે જેને લઈને દિલ્હી, એનસીઆર, નોઈડા સહિત છેક ઉત્તર પ્રદેશ સુધી પણ તેની અસર જોવા મળી રહી છે. આ મહિનાની શરૂઆતથી સતત છવાયેલા રહેલા ધુમ્મસના પગલે વાહન વ્યવહાર ઉપર તેની ગંભીર અસરો જોવા મળી છે.

લોખંડી પહેરો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અડાલજ પાસેના ત્રિમંદિરને પોલીસ છાવણીમાં ફેરવી દેવામાં આવશે. વડાપ્રધાનની સુરક્ષા માટે ખાસ એસપીજીના અધિકારીઓની સૂચના હેઠળ ગાંધીનગર પોલીસે બંદોબસ્ત સ્કીમ તૈયાર કરી છે. આ બંદોબસ્તમા ૧ ડીઆઈજી, ૬ એસપી, ૧૨ ડી.વાય.એસ.પી, ૩૬ પી.આઈ, ૧૮ મહિલા પી.એસ.આઈ, ૮૫ પી.એસ.આઈ, ૪૦૦ મહિલા પોલીસ, ૮૦૦ પોલીસ જવાનો, ૧૨૦ ટ્રાફિક પોલીસ તથા એસઆરપીની બે કંપનીઓ સહિત ૧૭૦૦ પોલીસ કર્મચારીઓ-અધિકારીઓનો કાફલો બંદોબસ્ત માટે તૈનાત કરવામાં આવનાર છે. એટલું જ નહીં સમારંભ સ્થળની આસપાસ ક્યાંય વિરોધીઓનો મોરચો આવી ન જાય તેનુ ધ્યાન રાખવા માટે ૧૨ એન્ટી મોરચા સ્કવોર્ડ પણ ખડેપગે રહેશે.

આંશિક રાહત... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. ઠંડીની મોસમ નિખરતા નગર ઠંડુગાર બન્યુ છે. જો કે આજે લઘુત્તમ તાપમાનમાં ૨.૪ ડિગ્રીનો તફાવત જોવા મળ્યો છે. જેના લીધે નગરજનોને ઠંડીમાં થોડી રાહત મળી છે. પરંતુ હજુ પણ ઠંડીનો પારો સિંગલ ડિઝીટમાં જ છે. અલબત્ત હવામાન વિભાગના જણાંવ્યા મુજબ હજુ પણ ઠંડી વધુ આકરી બનશે. જેથી આમ નાગરિકોએ પણ કોલ્ડવેવથી બચવા જરૂરી તકેદારી રાખવાની અનિવાર્યતા છે. કોલ્ડવેવથી બચવા માટે નગરજનો અનેક પ્રયાસો કરી રહ્યા છે. આકરી ઠંડીના લીધે નગરનુ જનજીવન પણ સુન્ન પડી ગયુ છે.

સરકારી બેંકોમાં...

● પહેલા પાનાનું ચાલુ

અંકુશનો સામનો કરી રહેલા બેંકોમાં જ મુકવામાં આવશે નહીં બલ્કે એવી સરકારી બેંકોમાં પણ ઠાલવવામાં આવશે જેના પર આવનાર સમયમાં આરબીઆઈ મોટી લોન આપવા ઉપર અંકુશ મુકી શકે છે. તેમણે કહ્યું હતું કે, નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯માં સરાકીર બેંકોમાં ૪૨૦૦૦ કરોડ રૂપિયાનું મૂડીરોકાણ કરવામાં આવનાર છે. કેન્દ્ર સરકારે આજે કેટલીક

માંગણીઓ રજૂ કરી હતી અને સરકારી બેંકોમાં ૨૧૦૦૦ કરોડ રૂપ